# સાબરકાંઠામાં છુટોછવાયો વરસાદ થતા નગરજનોમાં રાહત

હિંમતનગર, તા. ૧૭

વાયુ વાવાઝોડાએ રિવર્સ ટર્ન લઈને કચ્છને ઘમરોળવાનું શરૂ કર્યુ છે ત્યારે તેની અસરોને લીધે સોમવારે સાબરકાંઠામાં બદલાયેલા વાતાવરણ બાદ છુટોછવાયો વરસાદ પડ્યો હતો. જોકે કેટલાક સ્થળે વરસાદ ન થતા ત્યાં બાફ અને ઉકળાટનો અનુભવ વધુ થવા પામ્યો હતો. સોમવારે હિંતનગરની આસપાસ તથા જિલ્લાના અન્ય સ્થળે થયેલા ઝાપટાને લીધે લોકોમાં વધુ વરસાદ થવાની આશા બંધાઈ છે.

ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ વાયુ વાવાઝોડાએ રિવર્સ ટર્ન લઈને કચ્છના કેટલાક વિસ્તારોને સ્પર્શી આગળ વધી રહ્યુ છે. ત્યારે તેના લીધે સાબરકાંઠામાં સોમવારે સવારથી જ વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ આકાશ વાદળોથી ઘેરાઈ ગયુ હતુ અને પવન પણ બંધ થઈ ગયો હતો. જેના લીધે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતા લોકોએ બાફ અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. તથા પવન બંધ થઈ જતા લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.



તો બીજી તરફ બપોરના સુમારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં વરસાદનું ઝાપટુ પડ્યુ હતુ. તથા આડપોદરા સહીત આસપાસના વિસ્તારોમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતો ગેલમાં આવી ગયા હતા. સારા વરસાદને પગલે આ વિસ્તારમાં ચોમાસુ પાકની વાવણી થવાની શક્યતા ઉજળી બની છે.

વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે પ્રાંતિજ, ઈડર અને વડાલી પંથકમાં પણ છુટોછવાયો વરસાદ પડ્યો હતો. ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ વાયુ વાવાઝોડાની અસરોને લીધે સાબરકાંઠામાં મંગળવારે હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. જોકે મંગળવારે હવામાન વિભાગના જણાવાયા મુજબ પવન સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદ થાય તેમ હોવાથી લોકોએ સાવચેતી રાખવી.



## માલપુરમાં ધીમી ધારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક

રાજ્ય સહીત અરવલ્લી જીલ્લાના પ્રજાજનો અને ખેડૂતો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. ચોમાસાની ઋતુની હજુ શરૂઆત થઈ નથી. વાયુ વાવાઝોડાની અસરથી અરવલ્લી જીલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં લો પ્રેશરની સ્થિતિ સર્જાતા આગામી બે દિવસ સુધી ગુજરાતના કેટલાક ભાગમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે ત્યારે માલપુર નગરમાં ધીમીધારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. માલપુર પંથકમાં સોમવારે વહેલી સવારે આકાશે કાળા ડિબાંગ વાદળો છવાયા બાદ મેઘ ગર્જના સાથે ધીમીધારે વરસાદ શરુ થતા ખેડૂતો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. માલપુર નગરમાં ઠેર ઠેર પાણી ભરાતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.



બનાસકાંઠામાં એનડીઆરએફની ટીમ ખડેપગે રહેશે જોકે જે પ્રકારે હવામાન વિભાગની આગાહી છે ભારેથી અતિ ભારે વરસાદની છે જેને પગલે સરકાર દ્વારા એક એનડીઆરએફની ટીમ બનાસકાંઠામાં ઉતારી દેવાઈ છે આજે જિલ્લા કલેક્ટર સાથે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકલનમાં રહીને એનડીઆરએફની ટીમ વરસાદની આગાહીને પગલે સમગ્ર જિલ્લામાં નજર રાખશે જે પ્રકારે ૨૦૧૭માં બનાસકાંઠામાં પૂર આવ્યું હતું અને આ પૂરમાં એનડીઆરએફની ટીમની કામગીરી મહત્વની રહી હતી ત્યારે ભારે વરસાદની આગાહીને પગલે અત્યારે તો એનડીઆરએફની ટીમની બનાસકાંઠામાં ઉતારી દેવાઈ છે. જોકે વહીવટી તંત્રએ તમામ અધિકારીઓ અને તમામ જે કર્મચારીઓ હોય તેમને પણ સ્થળ ન છોડવા આદેશ કર્યા છે.

# મોડાસા શહેરમાં તમાકુ યુક્ત પાન-મસાલા, ગુટખા ખાનાર અને ધુમ્રપાન કરનાર લોકો સામે પોલીસની તવાઈ

મોડાસા, તા.૧૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડી.વાય.એસ.પી ઈશ્વર પરમાર અને મોડાસા ટાઉન પોલીસે જીલ્લામાં સૌપ્રથમ વાર તમાકુ નિયત્રાંણ અધિનિયમ-૨૦૦૩ કલમ હેઠળ જાહેર સ્થળોએ ધ્રુમપાન કરનાર અને તમાકુ યુક્ત પાન-મસાલા ખાનાર લોકો સામે તવાઈ બોલાવી દંડાત્મક કાર્યવાહી કરી ૬ લોકોને દંડ ફટકારી સ્થળ પર દંડની વસુલાત કરતા જાહેરમાં ધ્રુમપાન કરનાર અને મસાલા-ગુટકા ખાનાર શખ્શો જાહેરસ્થળો પરથી ગાયબ થઈ ગયા હતા.




રાજ્ય સરકારે ગુટખા,પાન-મસાલા અને જેમાં નિકોટીનની હાજરી હોય તેવા વેચાણ, સંગ્રહ અને વિતરણ પર પ્રતિબંધ લાદી દીધો છે નિકોટનનું સેવન માનવ આરોગ્ય ને ખુબ જ નુકશાનકારક હોવાથી અને ભાવિ પેઢી સ્વસ્થ્યને જાળવી રાખવા ડીવાયએસપી ઈશ્વર પરમારની રાહબરી હેઠળ મોડાસા ટાઉન પોલીસે મોડાસાના હાર્દસમા ચાર રસ્તા પર જાહેરમાં ધ્રુમપાન કરનાર અને પાન-મસાલા ગુટખા ખાનાર ૬ શખ્શો સામે તવાઈ બોલાવી સ્થળ પર દરેક શખ્શ પાસેથી ૧૦૦ રૂપિયા દંડ વસુલાત કરતા પાન-મસાલા, ગુટખા અને ધ્રુમપાન કરનાર યુવકો અને લોકો રફુચક્કર થઈ ગયા હતા પોલીસતંત્રની કામગીરીની મોડાસાના શહેરીજનોએ આવકારી હતી.

મોડાસા શહેરમાં લબરમૂછિયા યુવાનો અને સગીરો જાહેરસ્થળોએ બેખોફ બની વટ પાડવા સિગારેટના કશ ખેંચાતા ઠેર ઠેર નજરે જોવા મળી રહ્યા છે અને નશાના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે ત્યારે પોલીસતંત્રની કામગીરીથી જાહેરસ્થળોએ ધ્રુમપાન કરનાર યુવકો ગાયબ થઈ ગયા હતા.

### ખેડબ્રહ્મા ખાનગી હોસ્પિટલની હડતાલ વચ્ચે

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલે બાળકનો જીવ બચાવ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના મીઠીબીલી ગામના પાંચ વર્ષના બાળકના ગળામા કાચ વાગતા સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લવાતા ડોકટરોએ જહેમત બાદ બાળકનો જીવ બચાવતા તેના માતા પિતાએ હાશકારો અનુભવ્યો.

ખેડબ્રહ્મા તાલુકાના મીઠીબીલી ગામના રાજુભાઈ ધર્માભાઈ ડાભી ખેતી કરે છે અને સંતાનમાં એક પુત્ર ૫ વર્ષ અને એક પુત્રી ૩ વર્ષના છે. રાજુભાઈ સોમવાર સવારે મીઠીબીલીથી રાજસ્થાનના મામેર ગામે કામ માટે ગયા હતા અને સાથે પુત્ર જીગ્નેશ ઉ.વ.આ.૫ પણ ગયો હતો. રાજુભાઈ કામ કરતા હતા અને બપોરના ૧૨.૩૦ કલાકેની આસપાસ જીગ્નેશ બીજા બાળકો સાથે બહાર રમતો હતો. જેમાં રમતા રમતા જીગ્નેશને ગળામા કાચ વાગતા ઘાયલ થઈ ગયો હતો અને બાળકોએ બુમાબુમ કરતા રાજુભાઈ દોડી આવી જીજ્ઞેશના ગળામાં કાચ વાગતા લોહીના ફુવારા ઉડતા હતા. જેથી રાજુભાઈએ બાળકના ગાળામાં રૂમાલ બાંધી દીધો હતો. જીગ્નેશને ખાનગી વાહનમાં ખેડબ્રહ્મા લાવ્યા હતા જેને ખાનગી દવાખાના લઈ ગયા હતા. પરંતુ કોલકાતામા બનેલ બનાવના સંદર્ભે ડોકટરો હડતાલ પર હોઈ ડોક્ટર ન મળતા બાળકને બપોરે ૧ વાગે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યા ઈમરજન્સી વિભાગના ડૉક્ટર દીપેન પટેલ દ્વારા પ્રાથમિક સારવાર આપી સર્જનને જાણ કરતા ડો. રોહિત ચૌહાણ જનરલ સર્જન અને ડૉ.પ્રભાકન ઠાકુર ઇ.એન.ટી સર્જન સાથે મલી તાત્કાલિક ઓપરેશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.



બાળકને ઓપરેશન માટે લઈ ગયા હતા પણ ડોક્ટરોની હડતાળ હોઈ એનેસ્થેસિયાના ડોક્ટર જલ્દી મલી શકે તેમ ના હોઈ બંને ડોકટરોએ ફક્ત ગળાનો ભાગ બહેરો કરી એક કલાકની ભારે જહેમતથી ઓપરેશન કરવામાં આવ્યું હતું અને બાળકનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. બાળકનો જીવ બચી જતા તેના માતા પિતાએ હાશકારો અનુભવ્યો હતો.

ડો.રોહિત ચૌહાણ અને ડૉ. પ્રભકાન ઠાકુરના જણાવ્યા અનુસાર કાચ વાગવાથી બાળકના ગળાની ધોરી નસ કપાઈ જવાથી લોહીના ફુવારા ઉડ્યા હતા અને બાળકનું વધુ લોહી વહી ગયું હોત અને એનેસ્થેસિયાની રાહ જોઈ હોત તો બાળકનો જીવ બચાવવો મુશ્કેલ થઈ જાત. જનરલ હોસ્પિટલના ડોકટરોએ સતર્કતા દાખવી જીજ્ઞેશનો જીવ બચાવતા જનરલ હોસ્પિટલના સુપરિટેનડેન્ટ અશ્વિન ગઢવી અને આર.એમ.ઓ આર.ડી. પરીખને બિરદાવ્યા હતા.

# સિદ્ધપુર બસ ડેપોના કંડકટરે માનવતાના દર્શન કરાવ્યા

### ઠંડા પાણીની મશક બસમાં જ ભરી રાખીને પાણી મુસાફરો ને પીવડાવાય છે

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યહવાર નિગમ પાલનપુર વિભાગના સિધ્ધપુર ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા વડગામ તાલુકાના પાંચડા ગામના શ્રી મુકુલભાઈ એમ કટારિયાનો અભ્યાસ એમ.એ. બી એડ. ઈંગ્લીશ છે. પોતાની નોકરી તો તે નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે.



પરંતુ સાથે સાથે તેઓ પોતાને મનુષ્ય અવતાર મળ્યો છે તો તેમને જીવનમાં લોકો માટે કઈ અલગ જ કરવાની ભાવનાથી તેઓ તેમની નોકરીમાં ફરજ દરમિયાન બસ મુસાફરી કરતા લોકો માટે ઠંડા પાણીની મશક ભરીને રાખે છે અને મુસાફરોની આવી કાળજાળ ગરમીમાં તરસ છીપાવી રહ્યા છે સાથે સાથે એક પ્રામાણિકપણે માનવતાના દર્શન કરાવી રહ્યા છે. મુકુલભાઈ પોતાની ફરજ દરમિયાન મુસાફરોને પીવાના પાણી માટે કોઈ જ તકલીફ ના પડે તે માટે ઠંડા પાણીની મશક ભરી રાખીને દરેકને પાણી પીવરાવી માનવતા મહેકાવાની સાથે સાથે પુણ્ય પણ કમાય રહ્યા છે. નાના બાળકો ગરમીથી પરેશાન ન થાય એ માટે પાણીની બોટલ પણ રાખે છે. મુકુલભાઈ કટારિયાના આ સરાહનીય કાર્યથી મુસાફરો પણ નેક અને ઈમાનદાર કંન્ડકટરને માન સન્માન આપે છે. મુસાફર પણ મુકુલભાઈને લાગણીથી માન સન્માન આપી રહ્યા છે. સાચા અર્થમાં એસ.ટી. નિગમનુ સૂત્ર "બસ અમારી સલામતી તમારી" ને સાર્થક કરી રહ્યા છે તેમના આ લોકોઉપયોગી કાર્યથી નિગમને પણ માન સન્માનથી મુસાફરો જુવે છે આવા નિસ્વાર્થ માનવ કાર્યથી નિગમની આવક અને પ્રતિષ્ઠામાં વધારો થઈ રહ્યો છે. મુસાફરી કરી રહેલા લોકોને પણ આવા સેવાભાવી કર્મચારીઓના વર્તન અને સ્વભાવથી દરેકને પ્રેરણા મળે છે. ધન્ય છે આવા કર્મિઓને...

## પાલનપુરમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સની અટકાયત

પાલનપુર

પાલનપુર પૂર્વ પોલીસે બાતમીના આધારે અલ્ટો કારમાંથી વિદેશી દારૂ સાથે એક શખ્સની અટકાયત કરી હતી.જેની પાસેથી રૂ૧.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો છે.



બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુળ દ્વારા દારૂના ગુનાઓને શોધી કાઢી કેસ કરવા તમામ પોલીસ સ્ટેશનને સુચના આપવામાં આવી હતી.જેના પગલે પાલનપુર પૂર્વ પોલીસ મથકના પીએસઆઈ એ. બી. શાહ સ્ટાફના એએસઆઈ સરીફખાન, કૌશીકભાઈ, અશોકભાઈ, યુનુસખાન, મોગલદાન સહીતનો સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.તે સમયે ડી.સ્ટાફના પીએસઆઈ એ.બી. શાહને બાતમી મળી હતી કે કારમાં વિદેશી દારૂ આવી રહ્યો છે. જેના આધારે સ્ટાફ સાથે નાકાબંધી કરી હતી. તે સમયે GJ.24.CA.4357 નંબરની અલ્ટો કાર ઉપર શંકા જતા કારને રોકાવી તલાશી લેતા કારમાંથી ૧૧૨ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૨૯,૬૦૦ મળી આવ્યો હતો. જેથી પોલીસે અલ્ટો કાર કિંમત રૂ.૧.૫૦ લાખ તેમજ દારૂ મળી કુલ રૂ.૧,૮૭,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના કરોટી ગામના કાર ચાલક રમેશકુમાર મુલારામ માળીની અટકાયક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અન્ય બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.



કલકત્તામાં ડોકટરો પર થયેલા હુમલાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. જેના પગલે પાલનપુર ડોકટર એસોસિયેશન દ્વારા વખોડી કાઢવામાં આવ્યો હતો. જેમણે શુક્રવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સોમવારે તમામ તબીબો આઈએમએ હોલ ખાતે એકત્ર થયા હતા અને આ પ્રકાશનો કિસ્સો બનાસકાંઠામાં કે પાલનપુરમાં બને તો શુ કરવુ જાઈએ તે અંગેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડો. મયંક શાહ સહીતના ડોકટરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બાયડ તાલુકાના શણગાલ ગામની શાળામાં ૪૦ વર્ષથી શાળાને ઘર બનાવી, વૃદ્ધની અનોખી સેવા

બાયડ, તા.૧૭

દુનિયામાં સેવા કરવા માટે કોઈ ક્લાસ ભરવાની જરૂર નથી હોતી તે તો અંતઃકરણમાં જ સ્ફૂરે છે. અત્યાર સુધી અનેક લોકો દુનિયામાં થઈ ગયા છે કે જેઓએ નિઃસ્વાર્થ ભાવે સેવાકિય કાર્યોમાં પોતાનું જીવન ઘસી નાખ્યું હોય. તેવો જ એક કિસ્સો બાયડ તાલુકાના શણગાલ ગામનો સામે આવ્યો છે. આ ગામના એક વૃધ્ધ પોતાના જીવનના છેલ્લા ૪૦ વર્ષથી ગામની શાળામાં એક પણ રૂપિયો લીધા વગર સેવાઓ આપી રહ્યા છે. શાળામાં સાફસફાઈથી માંડી પીવાના પાણીની વ્યવસ્થા સહિતના અનેક કાર્યો કરી રહ્યા છે. વધુમાં તેઓ પોતાના માટે જમવાનું અને ચ્હા પણ ઘરેથી લાવીને જ ઉપયોગ કરે છે. શણગાલ ગામના આ વૃધ્ધ વ્યક્તિની સેવાની મહેંક બાયડ તાલુકામાં પ્રસરી છે.



બાયડ તાલુકામાં શણગાલ ગામના વાઘસિંહ બાવસિંહ ઝાલાને ૪૦ વર્ષ અગાઉ અંતઃસ્ફૂરણા થઈ કે ચાલો સેવાકિય કાર્યો કરીએ. ખુબ જ વિચાર્યા પછી તેઓએ નક્કી કર્યું કે ગામની પ્રાથમિક શાળામાં સેવા કરવાથી ગામમાં પણ રહેવાશે અને બાળકોની અને શૈક્ષણિક સંકુલની સેવાનો પણ લાભ મળશે. આ વ્યક્તિ છેલ્લા ૪૦ વર્ષ થી પોતાના ગામની પ્રાથમિક શાળામાં મફત સેવા આપે છે. તેઓ શાળામાં શિક્ષકો કરતા પણ વહેલા કામે લાગી જાય છે જેના કારણે શિક્ષક કે વિદ્યાર્થી મોડા આવે તો આ કાકા થી ડરે છે. વાઘસિંહ રાતે પણ શાળામાં જ સુઈ જાય છે અને દિવસે વિદ્યાર્થીઓની દેખરેખ રાખે છે. શાળા સંકુલમાં અને મેદાનમાં કચરો જાતે વીણે તેમજ સાફ સફાઈ રાખે અને પીવાના પાણીની વ્યવસ્થા પણ જાતે કરી પોતાની સેવાઓથી સંતોષ અનુભવી રહ્યા છે. વધુમાં તેઓ પોતાનું ટીફિન અને ચા પોતાના જ ઘરેથી મંગાવે અને એક પણ રૂપિયો કોઈની પાસે લેતા નથી. તેઓની નેમ છે કે તેમનું ઘર એ ગામની સ્કૂલ જ છે.

ચૂંટણી હોય કે કોઈ અધિકારી શાળામાં આવ્યા હોય તો સ્કૂલમાં નાનામાં નાની બધી જ વ્યવસ્થા તેઓ કરે છે. સ્કૂલમાં થી એક પત્તુ પણ ઝાડ નું કોઈ તોડી ના શકે તેવો પણ તેમનો રોફ છે. એક સમયે તો તેઓ પોતાના પુત્રના લગ્નમાં પણ ગયા ન હતા અને સ્કૂલની સેવામાં જ રોકાયા હતા. શાળામાં મહેમાનો આવે કે મંદિરના ભક્તો આવીને રોકાય કાકા હંમેશા ખડેપગે તેઓની સેવા કરવા તત્પર રહી એમના જીવનના કિંમતી ૪૦ વર્ષ એમને એમના પરિવાર થી દુર રહી વિદ્યાર્થીઓની સેવા કરવા પાછળ ખર્ચી નાખ્યા છે. એમના પરિવારમાં ૩ સંતાન અને પરિવાર, જમીન, મિલકત બધું જ છે તો પણ તેમનો પરિવાર સ્કૂલ જ છે.

શાળામાં આવનાર કોઈ પણ અધિકારી હોય તેઓ કાકાને અચૂક મુલાકાત કરતા હોય છે સ્કૂલમાં લાઈટ જતી રહે તો જાતે જ દિવા ચડાવી ને લાઈટ ચાલુ કરી દે, છેલ્લા ૪૦ વર્ષથી આ રીતે સેવાકીય કાર્યો કરી રહેલા વાઘસિંહની સેવાઓને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ બિરદાવી હતી. આવા સેવાભાવી લોકોના કાર્યોની પ્રેરણા આજની પશ્ચિમી સંસ્કૃતિ પાછળ ઘેલી બનેલી પેઢીને મળે અને પોતાની શક્ય હોય તેટલી સેવા કરી માનવજીવન સાર્થક કરે તો ગામ સ્વર્ગ બની જાય.

# કુષિ આવક ૨૦૨૨ સુધી બમણી કરવાના ભાગરૂપે પ્રાંતિજમાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

ગુજરાત રાજયના કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં બણણી કરવાનાં ભાગરૂપે અને કિસાનોમાં જાગૃતિ લાવવા કાર્યનીતિ ઘડવા તેમજ આધુનિક ખેતી પધ્ધતિ અંગે ખેડૂતોને માર્ગદર્શન તેમજ વિવિધ યોજનાલક્ષી પ્રોજેક્ટ ખેતીવાડી, બાગાયત અને પશુપાલન વિભાગ મારફતે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આધુનિક ટેકનોલોજી અને આધુનિક ખેતી પધ્ધતિ અંગેનું માર્ગદર્શન તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યુંહતું. કુષિ સ્ટોલ દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી સીએમ નરહરિભાઈ અમીન, પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, જીલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી



સમજ માહિતી મળી રહે તે હેતુથી પ્રાંતિજ ઉમાધામ ખાતે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નવા બાકલપુર રેલ્વે સ્ટેશન ખાતે આવેલ ઉમાધામ ખાતે જિલ્લા આત્મા વિવિધ આધુનિક ખેતી સાધનો દવા, ખાતરની માહિતી માટે સ્ટોલ ઉભાં કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમની શરૂઆત મોયદ પ્રાથમિક શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત દ્વારા કરી હતી. આવેલ મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય સ્તુતિ ચારણ, પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર આર.કે. પટ્ટણી, તાલુકા વિકાસ અધિ. જે. એચ. કાપડીયા, પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી સહિત ઉપસ્થિત રહીને ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.

## પ્રાંતિજ ખાતે કૃષિ મહોત્સવમા વિજળી બે વાર ગુમ થઈ

પ્રાતિંજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ઉમાધામ ખાતે કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત ૨૦૧૯ કુષિ મહોત્સવ દરમ્યાન ચાલુ કાર્યક્રમમાં બે વાર વિજળી ગાયબ થઈ હતી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ ઉમાધામ ખાતે કુષિ મહોત્સવ ૨૦૧૯ અંતર્ગત કુષિ મહોત્સવના ચાલુ પ્રોગ્રામ દરમ્યાન બે વાર વિજળી ડુલ થઈ હતી. તો ખુદ પૂર્વ ડેપ્યુટી સીએમ નરહરિ અમીનના સંબોધન આપતા હતા તે દરમ્યાન પણ વિજળી વિખૂટી પડતા થોડા સમય માટે ઉપસ્થિત સૌ કોઈ લોકોને મંત્રીનો અવાજ પાછળ સુધી ના સંભળાતા ઉપરથી ગયું હતું. સતત બીજી વાર ચાલુ કાર્યક્રમ દરમ્યાન વિજળી ડુલ થતાં પ્રાંતિજ વિજકંપનીના એન્જીનીયર એચ.એમ. પાઠક તેમણી ટીમ સાથે દોડતા થયા હતા.